

# ઓજસ

શ્રી રામજી રવજી લાલન કોલેજ, ભુજ-કચ્છ.

વર્ષ ૨૦૧૪-૧૫ | અંક : ૪૧

In accordance with individual as weel as social needs, Shri R. R. Lalan College ever since its establishment in 1953 A.D. has been committed to the cause of making education a means to an all-round development of students and social upliftment. In our National Perception EDUCATION is essential for all. This is a fundamental requirement to our community development materialistic and apiritual. For hundreds of aspiring youth, every year the aim of obtaining higher education is to proceed on the path of career development. This college training to make them worthy to meet their expectations.

## Our Vision

Making education an acculturating force in local, regional and national contexts.

## Our Mission

Refining sensitivities and perception that contribute to national cohesion, scientific temper, independence of mind and spirit - thus furthering the goals of socialism, secularism and democracy enshrined in our constitution.

શ્રી રામજી રવજી લાલન કોલેજ, ભુજનું
મુખપત્ર

# 'ઓજસ'

વર્ષ : ૨૦૧૪-૨૦૧૫ અંક-૪૧, ફેબ્રુઆરી, ૨૦૧૫

**પ્રધાન સંપાદક અને પ્રકાશક**

આચાર્યશ્રી
શ્રી રામજી રવજી લાલન કોલેજ, ભુજ-કચ્છ.

**સંપાદક મંડળ**

પ્રો. કે. કે. બુદ્ધભટ્ટી
ડો. જે. એમ. પટેલ
ડો. એ. એચ. ગોર
ડો. એમ. બી. શાહ
ડો. એસ. ડી. સુડિયા
પ્રો. ભરત બાવળિયા
પ્રો. એમ. બી. છાયા

**પ્રિન્ટીગ અને ડીઝાઈનીગ**

Mits the Art Hub

**મિત્સઃ ધ આર્ટ હબ**

૩, મેઝેનાઈન ફ્લોર, ઓધવધામ એપાર્ટમેન્ટ,
હોટેલ વિરામ સામે,
જ્યુબિલી સર્કલની બાજુમાં, ભુજ-કચ્છ.

## અનુક્રમણિકા


- સંપાદકીય ૨
- આચાર્યશ્રીની કલમે ૩
- વિદ્યાશાખાનુસાર વિષયોની માહિતી ૪
- કોલેજ શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફની માહિતી ૫
- સબ સે ઊંચી પ્રેમ સગાઈ ૭
- 'પરિચયપર્વ' ૧૧
- અદ્‌ભૂત અતુલ્ય સંસ્કૃત ૧૪
- જવાળામુખી ૧૭
- વૃદ્ધિનો બકાસુર ૨૦
- 'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત' ૨૨
- વિચારથી - નિર્વિચાર તરફ ૨૩
- કચ્છ : અશ્મિ અભ્યાસ માટેનું સ્વર્ગ ૨૪
- અજાયબ વનસ્પતિ ૨૬
- THE "Q" CONCEPT IN EDUCATION ૨૮
- કોલેજ એકટીવિટીસ ૩૧
- SCOPE ૩૫
- Who is the Culprit ? ૩૬
- કચ્છી કહેવતોમાં નર્મ-મર્મ ૩૭
- Mathematics For All ૩૯
- Chemistry In Human Body ૪૧
- Scope in Geology ૪૨
- Indian Philosophy ૪૩
- राजभाषा और राष्ट्रभाषा ૪૬
- इतिहास के झरोखे से : हिन्दी ૪૮
- भारतीय जीवन मूल्यों से भटकती युवापिढि ૫૦
- પ્રેરણાપદ છે, ભારતીય ઈતિહાસ ૫૨
- ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનો પ્રભાવ કઈ રીતે? ૫૩
- ભારતીય ભાષાઓનું મૂળ સંસ્કૃત ૫૪
- જીંદગી ૫૫
- રૂપિયા માત્ર રૂપિયા નહી, લક્ષ્મીનું રૂપ છે ૫૭
- માતૃભાષાની આજ અને આવતીકાલની પ્રવર્તમાન સ્થિતિ ૫૮
- અન્ય કોલેજ એકટીવિટીસ ૫૯
- શબ્દ સમીપે ૬૦

# અદ્‌ભૂત અતુલ્ય સંસ્કૃત

• ડૉ. એમ. બી. શાહ

ગુજરાતીમાં એક કહેવત છે, "ભાષાને શું વળગે ભૂર, રણમાં જે જીતે તે શૂર." પરંતુ એ તો બોલવા અને લડવા વચ્ચેની તુલના થઈ. વાસ્તવમાં તો ભાષા એ મનુષ્યના વિકાસનું દર્શન છે. ભાષા જ માનવની સંસ્કૃતિનું વહન કરે છે. કોઈ મનુષ્ય કેટલો સંસ્કારી છે તે તેની ભાષા પરથી નક્કી કરી શકાય છે. આટલું નક્કી થયા પછી બીજો પ્રશ્ન એ થાય કે જો ભાષા સંસ્કારોનું પ્રદર્શન કરતી હોય તો પછી સ્વયં ભાષા પણ સંસ્કાર યુક્ત હોવી જોઈએ કે નહીં? ચોક્કસ હોવી જોઈએ. એટલે જ જે ભાષા તેના સર્વ સંસ્કારોથી યુક્ત છે એ 'સંસ્કૃત' છે. અને એટલે જ તે ભાષા સંસારની શ્રેષ્ઠ ભાષા છે.

કોઈ એવો પ્રશ્ન કરી શકે, કે સંસ્કૃતને કેવી રીતે શ્રેષ્ઠ ભાષા કહી શકાય? તે તો પ્રાચીન અને મૃત ભાષા છે! આ પ્રશ્નનો ઉત્તર અત્યંત વિસ્તૃત રીતે આપી શકાય એમ છે. પરંતુ તેની કેટલીક એવી વિશેષતાઓ અહીં પ્રસ્તુત છે જેનો જવાબ વિશ્વની કોઈ ભાષા પાસે નથી.

૧. સંસ્કૃતમાં કુલ ૪૮ મૂળાક્ષરો છે, જેમાં ૧૩ સ્વરો છે. તેમાંના अ,उ અને इ એવાએવા સ્વરો છે જે ૧૮ રીતે ઉચ્ચારી શકાય છે(એટલે કે તે સ્વર એકલો, કે કોઈ પણ વ્યંજન સાથે જોડાય તો તે વર્ણ ૧૮ પ્રકારે ઉચ્ચરિત થાય). વળી વિસર્ગ(ઃ) સંસ્કૃતની પોતાની વિશેષતા છે. સંસ્કૃત વર્ણના શુદ્ધ ઉચ્ચારથી તથા અનુસ્વાર અને વિસર્ગના યોગ્ય ઉચ્ચારણથી પ્રાણનું નિયમન થાય છે. જેને સાદી ભાષામાં પ્રાણાયામ કહેવાય છે.

૨. સંસ્કૃત ભાષામાં શબ્દનિર્માણનું અદ્‌ભૂત સામર્થ્ય છે. ઉદા. તરીકે માત્ર गम् ધાતુમાંથી કેટલા શબ્દો બનાવી શકાય તે જોઈએ. गत, गतक, गतिक, गतिका, अगतिक, गत्वन्, गत्वर्, गन्तृ, गन्त्रिका, गम, गमक, गमथ, गमन, गमनिका, गमयितृ, गमित, गमिन्, गमिष्ठ, गमिष्णु, गम्यमान, गामिक, गामुक, गामिन्, अतिगम, अतिग, अधिगम्, अधिगत, अधिगन्तृ, अधिगम्य, अधिगन्तव्य, अधिगमन, अधिगमनीय, अनुगम्य, अनुगम्, अनुगत, अनुगति, अनुगम्य, अनुगामुक, अनुग, अनुगन्तव्य, अनुगतिक, अनुगम्य,अनुगामिन्, अपग, अपगत, अपगम, अपगमन,अपिगम्, अभिगम्, अभिगत, अभिगन्तृ, अभिगम्य, अभिगन्तव्य, अभिगमन, अभिगामिन्.... ..अवगम,.......आगम्, आगन्तुक,.......,उद्गम,.....दुर्गम,.....निगम,.....परागम्,....परिगम्,... प्रगम्, ....प्रतिगम्, ...विगम्,...सङ्गम्.... અહીં દરેક પૂર્વગ સાથે ઉપર જેટલા જ રૂપો ગણી લેવા. આ ઉપરાંત गच्छामि.... જેવા ૧૦ 'લ'કારના ૯૦ રૂપો તો ખરા જ. વળી એ ધાતુ પરથી બનતા गन्तव्य વગેરે કૃદન્તો ઉમેરતાં તેની સંખ્યા કેટલી થાય તેનો અંદાજ લગાવતાં અન્ય ભાષાઓની અલ્પતા જણાઈ આવે છે.

૩. સમાનાર્થી શબ્દોની સંખ્યા જોતાં પણ સંસ્કૃત ભાષાનો વૈભવ તરત સમજાઈ જાય છે. પાણી, અગ્નિ, પૃથ્વી જેવા પ્રાકૃતિક અને પુરુષ, સ્ત્રી આદિના લક્ષણો અનુસારના નામોની સંખ્યા કોઈ પણ ભાષા કરતા વધારે છે.

૪. સંસ્કૃત ભાષાનું માળખું એટલું સજ્જડ છે કે તેમાં વાક્ય કોઈ પણ ક્રમમાં એક જ અર્થ આપે છે. જેમ કે, નીચેના વાક્યો એક જ અર્થના દ્યોતક છે.

पुरुषोत्तमः रामः सायं काले दुष्टं रावणं बाणेन हन्ति ।

रामः सायं काले पुरुषोत्तमः दुष्टं रावणं बाणेन हन्ति ।

रावणं पुरुषोत्तमः रामः सायं काले दुष्टं बाणेन हन्ति ।

सायं काले रावणं पुरुषोत्तमः रामः दुष्टं बाणेन हन्ति ।

हन्ति सायं काले दुष्टं रावणं पुरुषोत्तमः रामः बाणेन ।

૫. સંસ્કૃતની ભાષાપૂર્ણતાના કારણે તેમાં જે રચનાઓ થઈ છે તેવી રચનાઓ અન્ય કોઈ ભાષામાં સંભવ નથી. અહીં નીચે તો માત્ર નામના જ ઉદાહરણો આપ્યા છે.

१.     यायायायायायायायायायायायायायाया |

यायायायायायायायायायायायायायाया ||

આ શ્લોકમાં એક જ વર્ણ 'या' અનુષ્ટુપ છંદમાં ૮+૮+૮+૮ એમ ૩૨ વખત પ્રયોજાયો છે. અને આ શ્લોક સંપૂર્ણ પણે સાર્થક છે. તેમાં આ મુજબ પદો ગોઠવાયા છે – **यायाया+आय+आयाय+अयाय+अयाय+अयाय+अयाय+अयाया+यायाय+आयायाय+आयाया+या+या+या+या+या+ या+या+या+या**

२.     उरुगुं द्युगुरुं युत्सु चुक्रुशुस्तुष्टुवुः पुरु |

लुलुभुः पुपुषुर्मुत्सु मुमुहुर्नु मुहुर्मुहुः ||

આ શ્લોકમાં માત્ર 'ઉ' સ્વરનો જ પ્રયોગ થયો છે.

३.     वारणागगभिरा सा साराभीगगणारवा |

कारितारिवधा सेना नासेधावरितारिका ||

ઉપરનો શ્લોકમાં પ્રથમ અને બીજી પંક્તિ આગળથી અને પાછળથી સમાન રીતે વાંચી શકાય છે.

४.     वाहनाजनि मानासे साराजावनमा ततः |

मत्तसारगराजेभे भारीहावज्जनध्वनि ||

निध्वनज्जवहारीभा भेजे रागरसात्तमः |

ततमानवजारासा सेना मानिजनाहवा ||

તો આ શ્લોકોમાં પહેલો શ્લોક આખો ઉલટી રીતે રચાઈને બીજો શ્લોક બન્યો છે.

५.     काङ्क्षन्पुलोमतनयास्तनपीडितानि |

वक्षःस्थलोत्थितरयाश्चनपीडितानि ||




અહીં શ્લોકની બંને પંક્તિઓમાં એકાંતરે સમાન વર્ણો આવે છે. આને 'ગોમૂત્રિકા'બંધ કહેવાય છે.

૬. देवाकानिनि कावादे वाहिकास्वस्वकाहि वा ।

काकारेभभरेकाका निस्वभव्यव्यभस्वनि ॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| दे | वा | का | नि | नि | का | वा | दे |
| वा | हि | का | स्व | स्व | का | हि | वा |
| का | का | रे | भ | भ | रे | का | का |
| नि | स्व | भ | व्य | व्य | भ | स्व | नि |
| नि | स्व | भ | व्य | व्य | भ | स्व | नि |
| का | का | रे | भ | भ | रे | का | का |
| वा | हि | का | स्व | स्व | का | हि | वा |
| दे | वा | का | नि | नि | का | वा | दे |

આ પદ્ય 'સર્વતોભદ્ર' પ્રકારનું પદ્ય છે. જેમાં કોઈ પણ તરફથી વાંચવામાં આવશે તો સીધે - ઉલટે એ જ પ્રકારે વાંચી શકાશે. અહીં પહેલા ચરણના ચાર વર્ણો દરેક ચરણના પ્રથમ અક્ષરો છે. બીજા ચરણના પ્રથમ ચાર અક્ષરો દરેક ચરણના બીજા-બીજા અક્ષરો છે. એવી જ રીતે ત્રીજા નાને ચોથા ચરણોના પ્રથમ ચાર અક્ષરો દરેક ચરણના ત્રીજા અને ચોથા અક્ષરો અક્ષરો છે.

૭. रामो राजमणि सदा विजयते रामं रमेशं भजे रामेणाभिहते निशाचरचमू रामाय तस्मै नमः ।

रामान्नास्ति परायणं परतरं रामस्य दासोऽस्म्यहं रामे चित्तलयं सदा भवतु मे भो राम ! मामुद्धर ॥

આ શ્લોક 'અ'કારાંત પુલ્લિંગના એકવચનનું જ્ઞાન આપતો શ્લોક છે. જેમાં 'રામ' શબ્દના દરેક વિભક્તિના એકવચનના રૂપો છે અને સાથે સાથે રામની સ્તુતિ પણ છે. એટલે એકસાથે રામની ભક્તિ પણ થાય અને વિભક્તિનું જ્ઞાન પણ ખરું !

૮. સંસ્કૃતમાં વિજ્ઞાનનો ખજાનો છે. જે સંસ્કૃતને જાણે છે તે આ વિજ્ઞાનને પણ જાણી શકે છે. જગદીશચંદ્ર બોઝને વનસ્પતિમાં જીવન છે એવું જ્ઞાન મહાભારતના એક શ્લોકમાંથી મળ્યું હતું. આર્યભટ્ટે આપેલું પાઈનું માપ જુઓ...

चतुरधिकं शतमष्टगुणं द्वाषष्टिस्तथा सहस्राणाम् ।

अयुतद्वयविष्कंभस्यासन्नो वृत्तपरिणाहः ॥

અર્થાત્ (માપ)૧૦૦+૪*૮+૬૨૦૦૦ એ (માપ)૨૦૦૦૦ નો વ્યાસ ધરાવતા વર્તુળની પરિધિ હોય. આ માપ ચાર દશાંશ ચિહ્નો સુધી ચોક્કસ છે.

૮મી સદીમાં થયેલા શંકર વર્મને તો આ માપ (૩.૧૪૧૫૯૨૬૫૩૫૮૯૭૯૩૨૪)૧૭ દશાંશ ચિહ્નો સુધી ચોક્કસ આપ્યું છે.

આવું તો કેટલુંય વિજ્ઞાન સંસ્કૃત ગ્રંથોમાં છુપાયેલું છે. સંસ્કૃતના ગ્રંથો જીવ, રસાયણ, ભૌતિક જેવા મૂળ વિજ્ઞાન ઉપરાંત ભાષાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, જેવા પાયાના શાસ્ત્રોની સાથે નૌકાશાસ્ત્ર, વિમાનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર જેવા કોઈ પણ સમયે ઉપયોગી શાસ્ત્રોને સમાવીને બેઠેલા છે.

૯. સંસ્કૃત માનવ જીવનના ઉચ્ચતમ સત્યોને સાકાર કરનારી સંસ્કૃતિને વહન કરનારી ભાષા છે. આથી આ જ્ઞાન માત્ર અને માત્ર સંસ્કૃતના અધ્યયનથી જ શક્ય છે. ૬૪ કળાઓ, ઉચ્ચ નૈતિક મૂલ્યો, વાસ્તવિક ધર્મનું જ્ઞાન, અધ્યાત્મ, પ્રકૃતિનું વિજ્ઞાન વગેરે બાબતો જાણવા માટે આપણે ફરીથી સંસ્કૃતના શરણે જવું જ પડશે.

જ્યાં સુધી ભારત દેશને સંબંધ છે ત્યાં સુધી સંસ્કૃત વગર આ દેશનો કોઈ આધાર કે ઉદ્ધાર નથી. જ્યાં સુધી વૈશ્વિકરણની દંભી ઉદારતા ને છોડીને ભારતીય સંસ્કૃતિની પ્રાકૃતિક ઉદારતાને અપનાવી દેશાભિમાન નહીં કેળવીએ ત્યાં સુધી આપણે પશ્ચિમી દેશોના ગુલામ જ રહેવાના.

संस्कृतं ये प्रशंसन्ति ये प्रशंसन्ति संस्कृतिम् ।

स्वदेशं ये च शंसन्ति धन्य जीवन्ति ते नराः ॥

# જ્વાળામુખી

• પ્રો. જે. એમ. પટેલ

જ્વાળામુખી એટલે એવું મુખ કે જેમાથી આગની જ્વાળાઓ નીકળતી હોય. વાસ્તવમાં જ્વાળામુખી માંથી આગની જ્વાળાઓ નહિ પણ ગરમ લાલચોળ લાવારસ નીકળે છે. કુદરતી આફતોમાંની આ એક એવી આફત છે કે જેની આગાહી કરવી ખૂબ જ મુશ્કેલ છે. જ્વાળામુખી પર્વતનો વિચાર કરતાં તેની ટોચમાંથી નીકળતા અસંખ્ય ઉષ્ણ વાયુઓ, ખડકોના ટુકડાઓ તથા ધગધગતો લાવારસ નજર સમક્ષ આવે છે. પૃથ્વીના આંતરિક ભાગમાં આવેલા લાવારસના ઉત્પત્તિ સ્થાન અને બાહ્ય ભાગને જોડતી નળી કે જેમાંથી આ ઉષ્ણ પદાર્થો અને લાવા બહાર ફેંકાય છે તેને જ્વાળામુખ એટલે કે Crater કહે છે. આ રીતે ફેંકાયેલા પદાર્થો અને લાવારસ જ્વાળામુખની આજુબાજુ એકઠા થઇને જ્વાળામુખી પર્વત બનાવે છે. પૃથ્વી પર આવા ૪૫૦ થી પણ વધારે જ્વાળામુખી પર્વત આવેલા છે.

જ્વાળામુખીને તેની સક્રિયતાને આધારે ત્રણ વિભાગમાં વહેંચી શકાય. સક્રિય, સુષુપ્ત અને મૃત જ્વાળામુખી. સક્રિય અથવા જાગૃત જ્વાળામુખી એટલે એવો જ્વાળામુખી કે જે વારંવાર ફાટતો હોય. પૃથ્વી પર આવા ૪૩૦ સક્રિય જ્વાળામુખી છે. જેમાંથી ૨૭૫ સક્રિય જ્વાળામુખી ઉત્તર ગોળાર્ધ અને બાકીના ૧૫૫ જેટલા સક્રિય જ્વાળામુખી દક્ષિણ ગોળાર્ધમાં આવેલા છે. ઇટાલીમાં વિસુવિયસ, સિસિલી ટાપુનો એટના, લિપારી ટાપુનો સ્ટ્રોમ્બોલી વગેરે આવા જાગૃત જ્વાળામુખીનાં પ્રચલિત ઉદાહરણો છે. લિપરી ટાપુ પર આવેલા સ્ટ્રોમ્બોલીમાંથી સળગી ઉઠે એવા વાયુઓ નીકળતા હોવાથી તેનો પ્રકાશ દુર થી દેખાય છે આથી તેને ભૂમધ્ય સમુદ્રની દિવાદાંડી તરીકે ઓળખવામાં આવે છે.

કેટલાક જ્વાળામુખી વિસ્ફોટ થયા પછી ઘણા લાંબા સમય સુધી શાંત રહે છે. આવા જ્વાળામુખી સુષુપ્ત જ્વાળામુખી કહેવાય છે. આવા ઉંઘતા જ્વાળામુખી અચાનક જ ફાટી નીકળતા હોવાથી જે તે પ્રદેશમાં ખૂબ જ મોટુ નુકશાન કરે છે. ભારતની પૂર્વમાં આવેલા બેરન ટાપુ પરનો જ્વાળામુખી સુષુપ્ત અવસ્થામાં છે.

ત્રીજા પ્રકારના જ્વાળામુખી કે જેનું એકવાર પ્રસ્ફુટન થયા પછી નિષ્ક્રિય થઇ ગયા હોય અને હવે પછી ફરીથી સક્રિય થવાના કોઇ લક્ષણો દેખાતા ન હોય એવા જ્વાળામુખીને મૃત જ્વાળામુખી કહે છે. જાપાનનો ફ્યુજિયામા, બર્માનો માઉન્ટ પોપા, આફ્રિકાનો કિલિમાંજારો, ઇશનનો કોહ-સુલ્તાન વગેરે આવા મૃત જ્વાળામુખી છે.

આપણને સહજ પ્રશ્ન થાય કે આવો ગરમ લાલચોળ લાવારસ ક્યાં અને કવી રીતે બનતો હશે? આ પ્રશ્નના ઉત્તર માટે પૃથ્વીના ભૂગર્ભને સમજવું પડે. વાયુ સ્વરૂપ માંથી ઘન સ્વરૂપ સુધી પહોંચેલી પૃથ્વીનું ભૂગર્ભ ખૂબ ગરમ છે. પૃથ્વીની ત્રિજ્યા ૬૩૭૧ કિ.મી. જેટલી છે. પૃથ્વીનાં ભૂગર્ભને એટલે કે પૃથ્વી સપાટીથી તેના કેન્દ્ર સુધીના વિસ્તારને ચાર સ્તરોમાં વહેંચવામાં આવેલા છે. સૌથી બહારનું પાતળું સ્તર પોપડો કે જે Crust ને નામે ઓળખાય છે. તે પછીનું આશરે ૨૯૦૦ કિ. મી. સુધીનું સ્તર મેન્ટલના નામે ઓળખાય છે. ત્રીજુ સ્તર કે જે ૨૨૫૦ કિ.મી. જેટલુ જાડુ પરંતુ પ્રવાહી સ્વરૂપવાળુ છે તે બાહ્ય ભૂગર્ભના નામે ઓળખાય છે. જ્યારે છેક અંદરનું ચોથું ભારે ઘન સ્વરૂપ વાળુ સ્તર અંદરના ભૂગર્ભ તરીકે ઓળખાય છે. આ સ્તર ૧૨૨૧ કિ.મી. જેટલું જાડુ છે. પૃથ્વીના ભૂગર્ભમાં જેમ જેમ આગળ વધતા જઇએ તેમ તેમ સરેરાશ દર કિ.મીટરે ૩૦° સે. જેટલું તાપમાન વધે છે. એ રીતે ગણતરી કરીએ તો પૃથ્વી સપાટીથી ૫૦ કિ.મી. અંદર ના ભાગમાં ૧૫૦૦° સે. જેટલું તાપમાન હોય. અને આ તાપમાને ભૂગર્ભના ખડકો સહેલાઇથી પીગળી શકે પરંતુ વાસ્તવમાં જેમ-જેમ ઊંડા જતા જઇએ તેમ-તેમ તાપમાન ની સાથે-સાથે ઉપરના ખડકોના વજનથી પેદા થતા દબાણનું પ્રમાણ વધે છે. પરિણામે આંતરિક ભાગમાં વધુ ગરમી હોવા છતાં તેની અસર ઘટી જાય છે. દબાણને કારણે ખડકોનું ગલનબિંદુ ઊંચુ ચાલ્યું જાય છે. માટે ખડકો ઘન કે પ્લાસ્ટીક દશામાં હોય છે.

સંશોધન મુજબ મેન્ટલ વિસ્તારનો શરૂઆતનો ૭૦૦ કિ.મી. સુધીનો વિસ્તાર કે જે એસ્થેનોસ્ફિયરના નામે ઓળખાય છે. ત્યાંના ખડકો થોડી પીગળેલી સ્થિતીમાં હોય છે. આલ્ફ્રેડ વેગનર દ્વારા ૧૯૩૦માં આપવામાં આવેલી કોન્ટીનેન્ટલ ડ્રીફ્ટ થીયરી અનુસાર પૃથ્વીનો ઘન પોપડો એસ્થેનોસ્ફિયર પર તરે છે જે ખંડોના સ્થળાંતર માટે નિમિત બને છે.

હવે જ્યારે ભૂગર્ભમાં ભૂસંચલનની ક્રિયાઓ થાય ત્યારે ખડક સ્તરો પર ઘાતક અસરો જેવી કે ખડકો તુટે, વળાંકો ઉત્પન થાય વગેરે થતાં ભૂગર્ભના ખડકો પર આવતા દબાણમાં ફેરફાર થાય છે. પરિણામે ગરમી તેનું અસલી સ્વરૂપ પ્રગટ કરે છે અને ખડકોને પીગાળે છે. આપણે જાણીએ છીએ કે દરેક ખડક ખનીજોનો બનેલો હોય છે. અને દરેક ખનીજને પોતાનું રાસાયણિક બંધારણ હોય છે. પીગળવાથી તેમની વચ્ચે

રસાયણિક પ્રક્રિયા થાય છે જેના ફળ સ્વરૂપે વિવિધ વાયુઓ, વરાળ અને પ્રવાહી લાવારસ અસ્તિત્વમાં આવે છે. આ લાવારસ એસ્થેનો સ્ફિયરમાં સરળતાથી બને છે. આ રીતે ઉત્પન થયેલા વાયુઓ અને વરાળ ઉપરના નબળા ખડક સ્તરોમાં પડેલી તિરાડો કે ફાટો દ્વારા બહાર આવવા પ્રયત્ન કરે છે. પરંતુ તેમને બહાર નીકળતા પુરતી જગ્યા ન મળતાં તે વેગથી ઉપર આવવા કોશિશ કરે છે. આ કોશિશમાં તે પોતાની સાથે લાવારસને પણ ઢસડે છે. અને એ રીતે પ્રચંડ વિસ્ફોટ સાથે જ્વાળામુખી જાગે છે.

જ્વાળામુખી ફાટવાની સાથે તેમાંથી બહાર આવતા લાવારસમાં સમેલ વિવિધ વાયુઓ અને વરાળ વાતાવરણમાં મુક્ત થાય છે. અને પ્રવાહી લાવારસ ચારે બાજુ રેલાય છે પાછળથી તેના કરવાથી જ્વાળામુખીય અગ્નિકૃત ખડકો અસ્તિત્વમાં અવે છે.

આ જ્વાળામુખી પ્રક્રિયામાં ભયંકરતા ત્યારે ઉમેરાય છે જ્યારે ભૂગર્ભમાં ઉત્પન થતા લાવારસમાં વિવિધ વાયુઓ અને વરાળનુ પ્રમાણ વધારે હોય. આવા સંજોગોમાં વેગથી વાયુઓ, વરાળ અને લાવારસ બહાર આવવા પ્રયત્ન કરે છે. પરિણામે ભારે વિસ્ફોટ સાથે જ્વાળામુખી ફાટે છે. જ્વાળામુખી ફાટતાની સાથે વિવિધ કદના ખડક ટુકડાઓ, લાવાના પિંડ, રાખ તથા અન્ય જ્વાળામુખીય પદાર્થો આકાશમાં ઊંચે સુધી ઉછળે છે અને પછી બોમ્બ વર્ષા થતી હોય તેમ નીચે પડે છે. ઘણીવાર વિસ્ફોટ સાથે ઉડેલી રાખના વાદળો રચાય છે અને લાંબા સમય સુધી આવા વાદળો વિખેરાતા નથી.

લાવારસમાં મુખ્યત્વે કાર્બન ડાયોક્સાઇડ, સલ્ફર, $H_2S$, ડાયોક્સાઇડ ($SO_2$), એમોનિયમ ક્લોરાઇડ ($NH_4d$), નાઇટ્રોજન અને આર્ગન વાયુઓ સમાયેલા હોય છે. પરંતુ દરેક વખતે લાવારસમાં વાયુઓ અને વરાળ પેદા થાય એ જરૂરી નથી. જ્યારે વરાળ અને વાયુઓનું પ્રમાણ લાવારસમાં ઓછું હોય ત્યારે ભૂસપાટીની લાંબી ફાટમાંથી શાંત રીતે પ્રસ્કુટન થાય છે. ગરમ લાવારસ ધીરે ધીરે બહાર નીકળી શાંત રીતે પથરાય છે. લાવારસ તેના રસાયણિક બંધારણ મુજબ એસિડિક અને બેઝિક એમ બે પ્રકારનો હોય છે. તેમાં સિલિકા ($SiO_2$) નું પ્રમાણ વધારે હોય છે જ્યારે બેઝિક લાવા વધારે પ્રવાહી હોવાથી સરળતાથી પ્રસરી મોટા વિસ્તાર ને આવરે છે. બેઝિક લાવામાં સિલિકાનું પ્રમાણ ઓછુ હોય છે. લાવારસનાં તાપમાનની વાત કરીએ તો તેનું તાપમાન ૬૦૦ થી ૧૨૦૦° સે. જેટલુ હોય છે. વિચાર કરો કે ૧૦૦° સે. તાપમાને પાણી ઉકળીને વરાળમાં ફેરવાય છે ત્યારે ૧૨૦૦° સે. તાપમાને જીવસૃષ્ટિના શા હાલ થાય?

જ્વાળામુખી એ કુદરતની વિનાશકારી પ્રવૃત્તિ છે કે જેને માણસ રોકી શકતો નથી. જ્વાળામુખીનો વિસ્ફોટ ભયંકર વિનાશ સર્જે છે. ધગધગતો લાવારસ આજુબાજુ નિર્માણ થયેલી માનવ રચનાઓ તથા જીવનસૃષ્ટિને બાળી નાખે છે. માઇલો સુધી પથરાતો લાવારસ તેની ઝપટમાં આવતી તમામ ચીજોને દાટી દે છે. ઉગ્ર પ્રસ્કુટન સમયે ધરતીકંપ થાય છે જે પારાવાર નુકશાન કરે છે. સમુદ્રોમાં જ્વાળામુખી પ્રસ્કુટન થતાં મોટાં રાક્ષસી કદનાં મોજા કે જેને જાપાની ભાષામાં સુનામી કહે છે તે ઉત્પન થાય છે, જે કિનારાના પ્રદેશોમાં ભયંકર તારાજી સર્જે છે. ઇ.સ. ૧૮૯૩માં ઇન્ડોનેશીયાના કાકાટોઆ ટાપુનો જ્વાળામુખી ફાટતાં આ ટાપુનો ૨/૩ ભાગ નષ્ટ પામ્યો હતો. આ વિસ્ફોટનો અવાજ છેક ઓસ્ટ્રેલિયામાં સંભળાયો હતો. તેનાથી ઉત્પન થયેલાં સુનામીએ જાવા-સુમાત્રા કિનારે આશરે ૩૬૦૦૦ લોકોનો ભોગ લીધો હતો અને ખૂબજ મોટુ આર્થિક નુકશાન કર્યું હતું, પરંતુ કુદરતે જ્વાળામુખીની ભયંકરતાની સાથે સાથે કેટલીક સારી બાબતો પણ જોડી છે. લાવામાંથી ઉત્પન થતી જમીન ખૂબ જ ફળદ્રુપ હોવાથી ખેતી માટે તે અશિર્વાદ રૂપ પુરવાર થાય છે. જ્વાળામુખી ઢોળાવ પરની પોટાશ અને ફોસ્ફેટ યુક્ત માટીમાં ખેતી કરી ખેડૂતો મબલખ પાક મેળવે છે. લાવારસના ઠરવાથી બનતા જ્વાળામુખીય અગ્નિકૃત ખડકોને બાંધકામમાં ઉપયોગ થાય છે તે ઉપરાંત આવા ખડકોનમાં કિમતી ખનીજો જેવી કે ક્વાર્ટસ, અકીક, હીરા તથા એન્ટીમની, સીસુ, જસત, ટંગસ્ટન, કલાઇ વગેરેની ધાતુમય ખનીજો મળી આવે છે. જ્વાળામુખી વિસ્તારના ગરમ પાણીના ઝરામાં જંતુનાશક રસાયણો હોવાથી ચામડીના દર્દો માટે ખૂબજ ઉપયોગી નીવડે છે. તદુપરાંત આવા ઝરાની આજુબાજુ એકઠા થતા ગંધક કે અન્ય રસાયણોનો દવાઓમાં ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત જ્વાળામુખીય ખડકોના વિઘટનથી બેન્ટોનાઇટ માટી, બોક્સાઇટ વગેરે ઉત્પન થાય છે જે આર્થિક રીતે ખૂબ જ ઉપયોગી છે.

એક અગત્યની બાબત એ પણ છે કે દરેક વખતે લાવારસ પૃથ્વી સપાટી પર ધસી આવે એ જરૂરી નથી. ઘણીવાર જ્વાળામુખીી ક્રિયા દરમિયાન ખડકોમાં પડેલી ફાટો કે છિદ્રોમાંથી લાવારસને બદલે ફક્ત વરાળ કે વાયુઓ જ બહાર આવે છે જેને ધુમ્રસેર તરીકે ઓળખાવામાં આવે છે. જ્વાળામુખી પ્રસ્કુટનની ક્રિયા મંદ પડી ગયા પછી તેમાંથી જુદા-જુદા વાયુઓ બહાર નીકળતા રહે છે. વિવિધિ વાયુઓના ધુમ્રસેરોને અલગ-અલગ નામ આપવામાં આવેલાં છે. જેમ કે ગંધક વાળા ધુમ્રસેરને સોલ્ફેટારા કહે છે જ્યારે બોરિક એસિડના ધુમાડાને સાફીઓની અને કાર્બન ડાયોક્સાઇડના ધુમ્રસેરને મોફેટીસ કહે છે. ઇટાલીમાં ટાસ્કાની રાજ્યમાં અનેક ધુમ્રસેરોની શક્તિનો ઉપયોગ કરી ૫૦૦ મેગાવોટ જેટલી વિજળી પેદા કરવામાં આવે છે. અલાસ્કામાં અવેલી ખીણમાં લગભગ દશ હજાર જેટલા ધુમ્રસેર છે માટે તેને a valley of ten thous and sinokes કહે છે. આ ધુમ્રસેરોનો પણ વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવે છે. અમેરીકામાં સાન ફ્રાન્સિસ્કો નજીક ભૂગર્ભ વરાળનો ઉપયોગ કરી ૧૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન કરવામાં અવે છે.

આ સિવાય જ્વાળામુખી વિસ્તારમાં ગરમ પાણીના ઝરા સહજ રીતે જોવા મળે છે. ભૂગર્ભમાં પેદા થયેલો લાવારસ પુરતા

દબાણને અભાવે અંદર જ રહી જાય ત્યારે તેની આજુ-બાજુ આવેલા ખડકોને તપાવે છે. આવા ખડકોના સંપર્કમાં ભૂગર્ભ જળ આવે તો તે વરાળ અથવા ગરમ પાણીમાં ફેરવાય છે. અને જગ્યા મળતાં ગરમ પાણીના ઝરા સ્વરૂપે ફુટી નીકળે છે. કેટલાક ગરમ પાણીના ઝરાઓમાં સમયાંતરે ફુવારા રૂપે ગરમ પાણી અને વરાળ ઊંચે ઉછળ્યા કરે છે ત્યારે તેને ગીઝર અથવા ફુવારા તરીકે ઓળખવામાં આવે છે. આવા ગરમ પાણીનાં ઝરાઓમાં ગરમ પાણી સાથે કેટલાંક જંતુનાશક દ્રવ્યો ઓગવાથી ચામડીના દર્દોમાં ખૂબ રાહત આવે છે. યુ. એસ. એ. માં યલોસ્ટોન નેશનલ પાર્કમાં આવેલા જાયન્ટ ગીઝર આશરે ૫૦ મીટર ઉંચાઇ સુધી પાણી ઉછાળે છે. અહીનો બીજો ઓલ્ડ ફેઇથફુલ ગીઝર એક એક મિનિટના અંતરે ગરમ પાણીનો ફુવારો છોડે છે માટે તેને મિનિટમેન કહે છે. ભારતમાં આશરે ૩૪૦ જેટલા નાના-મોટા ઝરા આવેલા છે. જેમાના મોટા ભાગના હિમાલય વિસ્તારમાં આવેલા છે.

હવે આપણે દુનિયામાં ફેલાયેલા વિવિધ જ્વાળામુખીને નકશામાં ગોઠવવાનો પ્રયત્ન કરીએ. મોટા ભાગના જ્વાળામુખી ગેડ પર્વતમાળા જેવા નબળા વિસ્તારોમાં આવેલા છે. ભારતમાં હિમાલય નવી ગેડ પર્વતમાળા હોવાથી નબળો વિસ્તાર છે પરંતુ સદ્નશીબે ભારતમાં કોઇ સક્રિય જ્વાળામુખી નથી. દુનિયાનાં જ્વાળામુખી પ્રદેશોને પેસિફિક પટ્ટો, મધ્ય દુનિયાનો પટ્ટો અને એટલાન્ટીક પટ્ટો એમ ત્રણ પટ્ટામાં વહેંચી શકાય છે. પેસેફિક પટ્ટો દક્ષિણ અમેરીકા માંથી માંડી પશ્ચિમે એન્ડીસ પર્વતમાળામાં થઇ ઉત્તર અમેરીકાના રોકીસ પર્વતમાળામાંથી અલાસ્કા સુધીનો છે. વિશ્વમાં સૌથી વધુ જ્વાળામુખી આ પટ્ટામાં આવેલા છે. માટે તેને ''પેસિફિક રીંગ ઓફ ફાયર'' પણ કહે છે. દુનિયાનો ઉંચામાં ઉંચો જ્વાળામુખી કોટોપાક્ષી કે જે ૫૯૭૪ મીટર ઉંચો છે તે પણ આ પટ્ટામાં આવેલો છે. ચીંબારોઝ, મેકિસકોનો પોપો કેટિપેટલ, જાપનનો ફ્યુઝિયામા, ફીલીપાઇન્સનો માયોન વગેરે આ પટ્ટાના જાણીતા જ્વાળામુખી છે.

મધ્ય દુનિયાનો પટ્ટો આઇસ લેન્ડથી માંડી સ્કોટલેન્ડ થઇને કનારી ટાપુ પહોંચે છે ત્યાર બાદ તેની એક શાખા એટલાન્ટીક મહાસાગર થઇને વેસ્ટ ઇન્ડીઝ પહોંચે છે અને તેની ઉપશાખા આફ્રિકા પહોંચે છે જ્યારે બીજી શાખા આલ્પ્સ પર્વતમાળા થઇને હિમાલયથી બર્મા પહોંચે છે. ત્યાંથી તે દક્ષિણમાં વળી આંદમાન-નિકોબાર ટાપુ થઇને દક્ષિણ પૂર્વના એશિયાઇ ટાપુઓ થઇને પેસિફિક પટ્ટાને મળે છે. વિસુવિયસ, સ્ટ્રોમ્બોબી, એટના, મેરૂ, કિલીમાંજારો, કેમેરૂન વગેરે જ્વાળામુખી હ્આ પટ્ટામાં આવેલા છે.

એટલાન્ટીક મહાસાગરનો પટ્ટો એટલાન્ટીક મીહાસાગરના છુટા છવાયા ટાપુઓ પરનાં જ્વાળામુખી પર્વતોને આવરે છે. એન્ટીલીસ, એઝોર, સેન્ટ હેલેના વગેરે આ પટ્ટાના જ્વાળામુખી છે.

ભારતમાં થયેલી જ્વાળામુખી પ્રવૃતિની વાત કરીએ તો ક્રિટેશીયસ સમયના અંતમાં ભારતમાં મોટા પાયે આવરતું ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દક્ષિણ ભારતમાં બેલગાંવ, અમરકંટક, જસપુર વગેરે વિસ્તારોને શાંત પ્રસ્ફુટન થયેલું તેમાંથી ડકનટ્રેપ નામની ખડક શ્રેણી અસ્તિત્વમાં આવી. આ શ્રેણીના ખડકો ૫ લાખ ચોરસ કિ.મી. જેટલો વિસ્તાર ધરાવે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રનો મોટા ભાગનો વિસ્તાર, કચ્છમાં નખત્રાણા, માંડવી, મુંદ્રા અને નલિયા તાલુકાના કેટલાક વિસ્તારો, ડાંગ, સુરત તથા ભરૂચ જીલ્લાના મોટા ભાગના વિસ્તારમાં ડેકન ટ્રેપ શ્રેણીના ખડકો આવેલા છે. જુનાગઢ જીલ્લામાં અવેલો ગિરનાર તથા પંચમહાલ જીલ્લાનો પાવાગઢ પર્વત તથા કચ્છનો ધિણોધર જ્વાળામુખીય ખડકોના બનેલા છે. પાવાગઢમાં તો લાવારસનાં સ્તરો તથા રાખના થર સ્પષ્ટ રીતે જોવા મળે છે.

## મોટાં થઇ ગયા...

નાના ફુલના છોડ આજે મોટાં ઝાડ થઇ ગયા...
ઝાડના કાચા ફળ આજે પાકાં થઇ ગયા...

કેમ વીતે છે સમય નથી રહેતી ભાન...
હજુ તો કાલે મળ્યા અને આજે વિખૂટા થઇ ગયા...

ચિત્રોમાં રંગ પૂરતા આજે સંબંધોમાં રંગ પૂરતા થઇ ગયા...
વીતી ગયો સમય અમે તો ભાઇ મોટાં થઇ ગયા...

નાની અમથી વાતમાં આંસુડા પાડતા,
હવે બીજાનાં આંસુ પોછતા થઇ ગયા...

વીતી ગયો સમય અમે તો ભાઇ મોટાં થઇ ગયા...
સ્કૂલના બે ચોટલા નો'તા સચવાતા,

આજે હૃદયની લાગણી સાચવતા થઇ ગયા...
વીતી ગયો સમય અમે તો ભાઇ મોટાં થઇ ગયા...

જુનિયર હતા કાલે, આજે સિનિયર થઇ ગયા...
કોલેજના ત્રણ વર્ષમાં અમે તો ભાઇ મોટાં થઇ ગયા...

-હેતલ રાઠોડ
(B.Sc. Sem 6)

# THE "Q" CONCEPT IN EDUCATION

• Prof. Manoj Chhaya

For the last decade or so, the world of education has become quality-conscious and the exercises to ensure quality have turned rigorous. The concept of Total Quality Management (TQM) is now no more limited to the corporate world. The theory of Total Quality Management was developed by W. Edwards Deming for improving the production quality of goods and services after WW II. The concept was not taken seriously until the Japanese, who adopted it in 1950 to resurrect their postwar business and industry, used it to dominate world markets by 1980. Quality consciousness is one of the prominent characteristics of the 21st century transactions and therefore it is not surprising that the concept of TQM is applicable to academics and education too. It is generally believed that Deming's concept of TQM provides guiding principles for needed educational reform. Prof. Arun Nigavekar, speaking as the Chairman of UGC in 2003, remarked, "...we need to produce trained persons who are *at par with global standard in quality*" (emphasis mine).

Indian education in general is far from meeting the global benchmark quality standards and hence the drive to ensure quality is justified. There have been developments in the direction of quality management in education, especially in higher education, recently. In 1994, UGC established the National Assessment and Accreditation Council (NAAC) with its headquarters at Bangalore. The objectives were to grade institutions of higher education, help institutes realize their academic objectives, promote necessary changes to achieve these objectives, and encourage innovations. In the same year the AICTE has also established the National Board of Accreditation (NBA) for the process of quality assurance in technical education. The goal of NBA is to develop a quality conscious system of Technical Education where excellence, relevance to market needs and participation by all stakeholders are prime and major determinants.

Traditionally, educational institutions were expected to impart knowledge, which was important in its own right. There is a major shift in the general perception of knowledge. Knowledge is now important only as far as it has an important application. Cardinal John Henry Newman, a noted 19th century thinker on education expressed in The Idea of a University that knowledge was important for its own sake. He believed that a university training was the great ordinary means to a great but ordinary end; it aimed at raising the intellectual tone of society...It was the education which gave a

man a clear conscious view of his own opinions and judgments, a truth in developing them, an eloquence in expressing them and a force in urging them. Few universities now function with this aim. Shashi Tharoor in one of his remarks saw the lack of quality institutions of higher education in India as a self-imposed handicap of India as the country entered the global competitive market.

In the wake of the quality-consciousness, educational institutes are viewed as organizations or systems. At the same time, all the academicians and students are taken to be quality managers, on the professional as well as personal level. An organization, according to the principles of TQM, must focus, first and foremost, on its suppliers and customers. In a system following TQM, everyone is both a customer and supplier. This confusing concept emphasizes the collaborative contention. Viewed in this way, the teacher and the academic institutes are suppliers of effective learning tools, environments, and systems to the student, who is their primary customer. The school and colleges are responsible for providing the long-term educational welfare of students by teaching them how to learn and communicate in high-quality ways, how to access quality in their own work and in that of others, and how to invest in their own lifelong and life-wide learning processes by maximizing opportunities for growth in every aspect of daily life. In another sense, the student is also a worker, whose product is essentially his or her own continuous improvement and personal growth.

Quality applies itself on the entirety of a system, which must be examined to identify and eliminate the flawed processes that allow its participants to fail. Since systems are made up of processes, the improvements made in the quality of those processes largely determine the quality of the resulting product. In the new paradigm of learning, continual improvement of learning processes based on learning outcomes replaces the outdated "teach and test" mode. Thus the process of teaching and learning is largely empirical and eclectic. Education system in a typical educational institute can be taken as consisting of three levels: 1) Management/Institutional Body 2) Academics and 3) Students. Total Quality Management is possible only when there is a consistent awareness about and commitment to the “Q” for quality.

- **Institutes as Quality Managers**

The rapid growth of educational institutes and self-financed education in last some years has definitely generated a set of questions about the quality of education they provide. However, this growth is also responsible for the increasing quality-consciousness among the stakeholders. Institutes and educational organizations form the base of the system in education. Thus it is the highest responsibility that they have to bear. Academic initiatives and planning has to be started at this level. The process of standardization (both for the internal structure and for the dependent structure) is expected to be implemented from within this level of the system. Achievement in these matters is not possible without consulting and integrating the other pillars of the system.

Therefore quality-conscious institutes also develop strong relationships and support-system within the system. They must also reward the excellence in any field to sustain quality. Corporatization of education does not mean exploitation and stranglehold. Education should be free from politics and ideological decisions.

- **Academicians as Quality Managers**

The role of a teacher is under transition at present. A teacher had been viewed as the "future moulder", but this conventional role also made him/her complacent, insulated, and even isolated at times. Quality management redefines the role that a teacher has to perform. It is not as a trainer that academicians have to see themselves, but it is a participant that they have to play their role in the collective process of Quality Improvement. Thus, an academician should suppose herself as the manager of a top corporate organization and should continuously try to improve his standards, customer satisfaction strategies, and brand image. Quality management also stresses the importance of self-improvement and up-gradation. Research and practical class-work are often seen as opposite to each other. However, as a quality manager, a teacher should try to bridge this gap by methods like Action Research. By presenting him/herself as a living model of quality, she also succeeds in replicating the ideals of quality in the students.

- **Students as Quality Managers**

As already stated, students are at once customers and participants in the process. Firstly, it is very necessary for them to be clear about their requirements, their concept of quality, and their expectations from an educational institute or a university. Precision and self-awareness on their part help them to identify the right institute and lead them to satisfaction. Their approach determines the commitment that an educational organization may offer. In case of any non-conformance, they can also be active participants in quality improvement. Secondly, they also have to continue their role in the sustenance of quality. Students are actually amateur stakeholders in the future systems. Thus their "real-life" participation in quality management starts from student-life.

The three-levels and roles given above are not possible without inter-dependence and they work collectively. Many a time it is evident that the stakeholders are determined to ensure quality but there is a difference in their beliefs. The role of policy-makers is also vital. It is not uncommon to see contradicting policy measures resulting in superficial quality. Quality given at a premium price is not quality. Quality management in education is an integrated and continuous process like the pursuit of education itself. Managing quality is not only to achieve quality but also to sustain it successfully. The field of education will show the undoubted development if the principles of quality management are practiced by all of us, in all our roles, at all levels meaningfully rather than mechanically. As they rightly say, quality is a habit.

# કચ્છી કહેવતોમાં નર્મ-મર્મ

• પ્રા. ચૈતાલી એન. ઠક્કર

''કચ્છી બોલીની અંદર ત્યાંના લોકસાહિત્યમાં એની ગીતકથાઓમાં, કથાઓમાં, કહેવતોમાં, ટુચકાઓમાં એની કટાક્ષવાણીનાં સુભાષિતોમાં સર્વમાં જે ચોટદાર, માર્મિક, અલ્પાક્ષરી વાણીપાટવ છે તેની પાછળ ભૂમિકા છે... ત્યાંના રણવાસી, પહાડવાસી, સાગરવાસી, સાહસશૂર ભૂતકાલીન પ્રજાજીવનની.''

ઉપર્યુક્ત વિધાન કચ્છની સંસ્કૃતિ વિશે મહિમાગાન કરતાં લોકસાહિત્યના મહાનગાયક ઝવેરચંદ મેઘાણીનું છે. કચ્છ એટલે રણ, રેતી, પહાડ અને દરિયાનો પ્રદેશ. પ્રદેશે પ્રદેશે પ્રજાજીવનને અનુરૂપ લોકસંસ્કૃતિ જોવા મળે છે. ગુજરાતી પ્રજાજીવનને જોતાં લોકકથા, લોકગીત, કહેવતો, પિરોલીઓનું સાહિત્ય ચોમેર પથરાયેલું છે. કચ્છી કહેવતોની વાત વિગતે જોતાં, ખ્યાલ સ્પષ્ટ બને છે કે 'કહેવત'ને કચ્છીમાં 'ચવક' કે 'ચોવક' કહે છે. વિવિધ ભાષાઓમાં કહેવતોનું વિશિષ્ટ ભંડોળ રહેલું છે, તેમાં 'કચ્છી ભાષાની કહેવત' અને તેનાં ગર્ભમાં રહેલ કિસ્સા ધ્યાનાકર્ષક બન્યાં છે. આમ તો માનવજીવનમાં અનુભવ, જ્ઞાન અને ડહાપણના મર્મને કહેવતોમાં વ્યકત થતાં જોઈ શકાય છે. જેમાં લાઘવ અને અસરકારક કથનશૈલી રહેલી છે.

કચ્છમાં દુલેરાય કારાણી, પ્રતાપરાય ત્રિવેદી, ઊમિયાશંકર અજાણી, અરવિંદ રાજગોર જેવા કચ્છી સાહિત્યના ઊંડા અભ્યાસીઓએ કચ્છી કહેવતોનો વિષયવાર અભ્યાસ કરીને પોતાના પુસ્તકોમાં આ કહેવતોનો સમાવેશ કર્યો છે. આ કહેવતોમાં ડહાપણને લગતી, શાણપણને લગતી, નીતિ-ધર્મવિષયક તેમજ નર્મ-મર્મવાળી કહેવતો ધ્યાનાકર્ષક બની છે. ત્યારે 'કચ્છી કહેવતોમાં નર્મ-મર્મ' વિશેષ ધ્યાન ખેંચનારો વિષય બન્યો છે. 'કચ્છી કિસ્સા' જેમાં નિરૂપિત થયા છે એવી નર્મ-મર્મ કે વ્યંગવાળી કહેવતોમાં નીચેની કહેવતો જોઈએ :

'અકરમી કે ઉઠ તેં કુત્તા વિડગે'

એટલે કે અકરમીને ઊંટ ઉપર કુતરા કરડે. આ કહેવતની ઉત્પતિ આ પ્રમાણે છે : એક રબારી હતણો. તેની પાસે ત્રણ ઊંટ હતાં. એનો એક દીકરો અકરમી હતો. આખો દિવસ ઊંટ પર બેસી રહેને ફર્યા કરે. આમ એક દિવસ ઊંટ પર જતી વખતે દીવાલ પર બેઠેલ કૂતરાને લાત મારતાં, કૂતરું કરડયું. જેથી લોકોએ તેને પૂછતાં, કારણ જણાવ્યું અને ત્યારથી આ કહેવત પડી. કરવાનું કામ કરે નહીં, ન કરવાનું કરતાં આવું સહન કરવું પડયું.

જીવનમાં માત્ર ભણતર કે પૈસો જ મહત્વનો નથી. સમજ અને બુદ્ધિચાતુર્ય કે ઘડતર મહત્વનું છે. એવી જ એક કહેવત છે.

'આંજી વૌ રેનાંણાં' એટલે કે

'તમારા પત્ની રંડાયા.'

વિદેશથી ધન કમાવીને આવેલ એક વ્યક્તિ પર કટાક્ષરૂપે કહેવાયેલી આ કહેવત છે. કચ્છના ગોધરા ગામના ગોવિંદા જોશીને આ વ્યક્તિનો ભેટો થાય છે અને પરદેશથી આવેલ વ્યક્તિ ભણેલો છે પરંતુ ગણેલો છે કે કેમ? એ ચકાસવા આમ કહ્યું, તો તે વ્યક્તિ રડવા લાગ્યો. પત્ની સાથેના સંવાદથી ખ્યાલ આવ્યો કે તેના ખુદના મૃત્યુ પછી પત્ની રંડાય/ આટલું સામાન્ય જ્ઞાન પણ તેનામાં ન હોતાં તેનું ભણતર એળે ગયેલું જણાય છે અને આ વ્યક્તિની મૂર્ખતા પર કટાક્ષ કરતી ઉપર્યુક્ત કહેવત આવી.

આવી જ એક વાત વ્યક્તિના આચાર પર છે. વ્યક્તિના બાહ્યાચાર બદલવાથી તેના આચાર બદલતા નથી.

'આથર બદલ્યા પણ આચાર ન બદલ્યા'

'કપડાં બદલ્યા પણ ટેવ ન બદલી'

એક બ્રાહ્મણ વ્યક્તિ સાધુ બન્યો. અને પૂર્વજીવનની વિદ્યા-કલા યાદ છે કે નહીં, તે જાણવા તે એક બ્રાહ્મણના ઘરે ઉતર્યો હતો. તેનાં ઘરમાં ભાઈ, બહેનને ભાઈની વહુ ત્રણે રહેતા હતા અને આ ત્રણેય વચ્ચેના સંપને આ સાધુ બનેલ વ્યક્તિએ પોતાની દુષ્ટતા અને ચાલાકીથી તોડી નાખ્યો એ પરથી આ કહેવત પડી કે કપડાં બદલ્યા પણ આચાર બદલ્યા નહિ.

આવી જ એક મૂર્ખ વ્યક્તિની વાત હવેની કહેવતમાં જોઈએ:

'ઉઠ વૈધજી ધવા, ડુશી કે મારેં'

